ॐ

॥ श्रीमन्नाथसद्‌गुरुर्विजयतेतमाम् ॥

श्रीमन्नाथ कीर्तन.

पंचम—अंक.

(વિ. સં. ૧૯૭૨, ગુરૂપૂર્ણિમા)

યોજક તથા પ્રકાશક

ઠક્કર નરશીદાસ દેવકરણ

પ્રમુખ, આનંદાશ્રમ-કરાચી.

આવૃતિ પહેલી.

પ્રત ૫૦૦ સન ૧૯૧૬

હિતેચ્છુ પ્રેસમાં હ. વા. ઠાકરે છાપ્યું—કરાચી.

॥ श्रीमन्नाथसद्गुरुर्विजयतेतमाम् ॥

श्रीमन्नाथ-कीर्तन—पंचम-अंक.

आरंभक अभ्यर्थना.

१.–ભૂપાલી કલ્યાણ ત્રિતાલ.

સ્મરીએ શ્રી નાથ જગ વંદન ત્રિતાપ હરણુ મલયગિરિ ચંદન,
સ્વરૂપ બોધ સ્પંદન..............સ્મરીએ૦

સાધક વૃંદના હિતચિંતક છો, દોષ સર્વના પરમ નિકંદન,
પરિપૂર્ણ આનંદન...................સ્મરીએ૦

જ્ઞપ્તિ જ્ઞાતવ્ય સર્વની અર્પી નેતા થાઓ પ્રભુ અમ સ્યન્દન,
કરી અરિ નિકંદન...................સ્મરીએ૦

પ્રબળ દોષ જે હોય અમ ઉરમાં દૃઢતમ ભયપ્રદ ભીમ બંધન,
મૂળ સહીત વિભંજન..............સ્મરીએ૦

વિષય અવિદ્યા તમને કરીને બનો ગુરૂવર વિવસ્વતનંદન,
રહે નહિ જગરંદન......................સ્મરીએ૦

વે૦

वास्तव कल्याणने मार्गे दोरवा परमात्माथी अभिन्न श्री सद्गुरु प्रार्थना.

૨.–(મુજ અબળાને માયા વહાલીરે એ રાગ.)

અમો શિષ્યને લેજો પ્રભુ તારીરે, તારીરે, તારીરે, તારી–અમો૦
ભવ સિંધુ પાર તરવા નાવ નાથ નામ ઉગરવા,
શરણ ગ્રહ્યું ચરણ પસારીરે, પસારીરે, પસારીરે,
પસારી–અમો૦
અંતઃકરણ ઇંદ્રિયોને શાંત રાખવાની શક્તિ,
દેજો વિભૂ વિનતી આ સ્વીકારીરે, સ્વીકારીરે, સ્વીકારીરે,
સ્વીકારી–અમો૦
જેથી સત્ શાસ્ત્રતણું શ્રવણ વાચન સુણાએ
દુર્મતિ દેજો વિદારીરે, વિદારીરે, વિદારીરે, વિદારી–અમો૦
શ્રદ્ધા ઉત્સાહ અને શ્રવણ મનન માંહી,
એકાગ્ર ચિત્ત વૃતિ ધારીરે, ધારીરે, ધારીરે, ધારી–અમો૦
સતશાસ્ત્રમાં કહેલી ઉત્તમ શ્રેણીઓને પહેલી,
એકાંતે અંતરમાં ઉતારીરે, ઉતારીરે, ઉતારીરે, ઉતારી–અમો૦

સંશય હળાહળ વિષસમ દુઃખદાઇ,
તેને તજી થવું સુખકારીરે, સુખકારીરે, સુખકારીરે,
સુખકારી—અમે૦
બ્રહ્મ સત્ય ગણી અને કલ્પાએલું મિથ્યા જાણી,
એવી મતિ અમારી સુધારીરે, સુધારીરે, સુધારીરે,
સુધારી—અમે૦
સત્યરૂપ બ્રહ્મમાં નિત્યે ચિત્ત વૃત્તિને પરોવી,
લઈએ નિજાનંદ લ્હાવ ભારીરે, ભારીરે, ભારીરે,
ભારી—અમે૦
દે૦

श्री सद्गुरुवोध ग्रहणार्थे साधकोनो विनयन.

જંગલા ઝિંઝોટી દાદરો.

૩.—(નજર કરો નાથ જરા—એ રાગ)

શ્રવણ કરો બંધુ પ્રીતે સદ્ગુરૂની વાણી
બંધ હાની થાય એથી સદ્ય સ્વરૂપ જાણી....શ્રવણ૦
સાખી—નારદ ધ્રુવ પ્રહ્લાદને ઈંદ્ર કૃષ્ણ રઘુવીર,
સદ્ગુરૂના ઉપદેશથી પામ્યા બોધ ગંભીર;
પ્રાપ્તિ વિદ્યા સર્વની શુભ ગુરૂ પ્રસાદે નાણી....શ્રવણ૦

સાખી—વ્યાસ સનકને શુકજી અર્જુન ઉદ્ધવ કર્ણ,
ગ્રહીને ગુરૂના બોધને પામ્યા સુખ અવર્ણ;
મોક્ષ સાધન શ્રેષ્ટ એ છે રત્ન સર્વ ખાણી....શ્રવણ૦
સાખી—શંકર વિરોચન ને બલી યાજ્ઞવલ્કય રૂષીશ,
શરણુ ગુરૂનું સેવતાં બનીયા આપે ઇશ;
નાથ વાકય અમૃત સેવી આનંદ લ્હેઇને માણી....શ્રવણ૦

વે૦

आंतर द्राष्टिज सुखद छे.

૪.—રાગ પદ કાફી કવાલી.

અંતર મુખતા ગ્રહોરે ગ્રહો વીરા આનંદ રૂપે—અંતર૦—ટેક
નથી સુખ જરી દ્રશ્ય પ્રપંચમાં, તોયે કેમ વહોરે વહો—વીરા૦
ક્ષણિક સુખના ભોગ સારૂં, અનંત દુઃખ શાને સહોરે સહો—વીરા૦
ઘોર દુઃખ રૂપ આ ભવ કુપમાં, મુંઝાઇ પડી ન રહોરે રહો—વીરા૦
હૃદયે સરીને પ્રભુને દેખી, આ ભવ પાસ દહોરે દહો—વીરા૦
સત્વર અંતર મુખતા સેવી, સ્વરૂપાનંદ લહોરે લહો—વીરા૦

કૃ૦

मनने स्वरुपाकार थवा प्रार्थना.

૫.–રાગ કાનરો ત્રિતાલ.

પ્રિય સ્થિતિ કર તુજ સ્વરૂપમાં, વિભુ સચિત સુખ
અનુપમાં—પ્રિય૦–ટેક.
મિથ્યા દ્વૈત પ્રપંચ દ્રશ્ય આ, લેશ કદી નહિ તુજમાં;
તદપિ અવિદ્યા ને વશ થઇને, ભરે વિશ્વ તું ભુજમાં–પ્રિય૦
ચિત્ત વૃત્તિના બહિર્ વેગને, વિલીન કર અંતરમાં;
શુદ્ધ સ્વરૂપે પ્રસ્થિત થઇને, વિરમ પુર્ણ શાંતિમાં....પ્રિય૦
રજ્જુ જ્ઞાને સર્પ ન દીસે, બોધ થયે જગ તુજમાં;
કલ્પિત વસ્તુ નડે નહિ મુળને, ઉપદેશ સ્પષ્ટ શ્રુતિમાં–પ્રિય૦
ક્લેશ કર્મ વિપાકાદિનો, સંબંધ નહિ કદી જેમાં;
નાથ વચનને શ્રવણ કરીને, ગલિત થાતું તેમાં........પ્રિય૦

કૃ૦

आत्म प्राप्तिना क्रमनी याचना.

૬.–પીલુ ત્રિતાલ.

(દાસ પરે દયા લાવોરે—એ રાગ)

નાથ ઉરે સદ્ય આવોરે કરીને કૃપા નાથ ઉરે સદ્ય આવો:–ટેક
વિષયાદિને વિષ ગણી, વિવેકાદિની શુભ ખાણી;

એવું ગ્રહવા બળ આપો આપોરે;...............કરીને૦
વિરાગ વૃત્તિને ધારી કામાદિને મૂળથી હારી;
ભકિત સુધા ઝટ છાંટો છાંટોરે;...................કરીને૦
શમ દમ સંપત્તિ આપી, મોક્ષેચ્છા હૃદયમાં થાપી;
શ્રવણુ સ્વરૂપનું થાઓ થાઓરે;....................કરીને૦
ભાન દ્વૈત કેરૂં ભુલાવો, સ્વરૂપ દ્રષ્ટિએ લાવો;
કાર્ય અવિદ્યા સંહારો હારોરે;.......................કરીને૦

વે.

माणसनुं अहित करनार कामादि ठगो शत्रु रुप छे.

૭.—(વાલો મારો સાચાનો સંગાથીરે—એ રાગ.)

ષટ્ શત્રુને સંહારી વીર અવિચળ પદે જઈ ઠરજે,
આત્મ મંદીરમાં મહાલે, ષટ શત્રુનું બળ ચાલે;
ઘેરી સમગ્ર કાયા નગરી વીર...........અવિચળ૦ ૧
બાહ્યે સુવર્ણ સમ લાગે પણુ અંતર કથીર ન ત્યાગે;
એ વિષ હળાહળ ઝેરી વીર..............અવિચળ૦ ૨
એમાંનો મુખ્ય ઠગારો તુજ અંતરમાં વસનારો;
તને મલીન માર્ગે દોરનારો વીર.......અવિચળ૦ ૩

બીજો ઠગ નિરર્થક તને સામ દામથી સમજાવી;
તુજ રૂધીર નિત્ય દહનારો વીર...........અવિચળ૦ ૪
ત્રીજો ઠગ તુચ્છ વસ્તુ તુને આપી હાસ્ય કરાવે;
એ નાખે ભયમાં ભારી વીર...........અવિચળ૦ ૫
ચોથો ઠગ અંધ બનાવી બલિવર્દનું પૂચ્છ પકડાવી;
એમ સુખી કરવાનું ધારી વીર..........અવિચળ૦ ૬
પંચમ ઠગ તારામાં જે દૈવતને દેખનારો;
તુજ ઉપહાસે આનંદકારી વીર...........અવિચળ૦ ૭
છઠો ઠગ તુજ નિર્બળતા જાણીને ભય કરનારો;
તુજ પર ક્રુર દ્રષ્ટિ નિહાળી વીર........અવિચળ૦ ૮
મોહક વસ્તુ શુભ જાણી નવ ચળજે સુણી આ વાણી,
એ કુપથ પંથે ગ્રહનારી વીર...........અવિચળ૦ ૯
એ અધમ ષટ્ શત્રુથી પ્રતિદીન દુર તું રહેજે;
ગ્રહી શરણુ સમર્થ સદ્‌ગુરૂનું વીર........અવિચળ૦ ૧૦

દે૦

સર્વોત્કૃષ્ટ સિદ્ધિનું સાધન પ્રભુ સ્મરણ છે.

૮.–ભૈરવી કવાલી.

પ્રભુના સ્મરણથી સર્વે, સિદ્ધિ કાર્યની દેખાયે.
કથન શાસ્ત્રને સુજ્ઞોનું, નહિ મિથ્યા ઉવેખાયે—ટેક

પછી દુખી થવું શાને પરમ સુખ સઘ પેખાયે,
તદપિ ભુલી જીવ ભટકે સ્વરૂપે શિવ લેખાયે....પ્રભુ૦
(સાખી) શું શંકર વિદ્યાર્થી થઇ, વસીયા ગુરૂ અવાસ,
અપરિમીત વિદ્યા ગ્રહી, સ્મરીને જ્ઞાન આવાસ.
જ્ઞાનઘન પ્રભુને ગણી, ગણી ભક્ત પ્રતિપાલ,
શું પછી જ્ઞાન પમાય છે, સેવી અન્ય જંજાળ;
ક્ષુધા દિવ્ય બોધની ઉંડી થતી તૃપ્ત ઇશ સેવાયે,
જ્ઞાતવ્યના ગ્રહણ અરથે શરણ વિશ્વેશ લેવાયે....પ્રભુ૦
(સાખી) કુબેર લક્ષ્મી કારણે ભટકયો શું બહુ દેશ,
સ્મરી શ્રી પતિને પ્રીતે બન્યો અન્ય રમેશ;
દ્રવ્ય અનર્ગલ વિશ્વનું પામ્યો સાંભવ દ્વાર,
આમ ઇશના સ્મરણથી પમાય અર્થ અપાર;
ઉપમન્યુ ધ્રુવને પ્રહ્લાદ શાબરી શુક વ્યાસ જેવાયે
અંબરિષ આદિ ભકત અનેક ગ્રહ્યું સુસ્થાને કહેવાયે....પ્રભુ૦
વે૦

विषयो तृप्तिनां साधन नथी.

૯.—પહાડી દાદરો.

દ્રષ્ટિ નાખી ન્યાળું તો હું સાર વિષયે નવ મળે,
ભોગવતાં ભોગ સર્વે ભોગાશાયે મન ભળે—દ્રષ્ટિ૦ ૧

શબ્દ સ્પર્શ આદિ પાંચે ભોગવ્યાં તે પૂર્ણુ બળે,
બલ શમી ગયું તદપિ વૃત્તિ તેમાં હજુ ગળે—દ્રષ્ટિ૦ ૨
વ્યાધિ દીર્ઘ મન તણી સમર્થ વીરને એ છળે,
વારી વારી મારીએ ઘણું વિષયેથી નવ ટળે—દ્રષ્ટિ૦ ૩
આત્મ વીત હરણ કરી ઘરે કુપે પ્રતી પળે,
જાણી આવું સ્પષ્ટ તોયે સુખદ માર્ગે નવ વળે—દ્રષ્ટિ૦ ૪
નિત્ય શાંતિ સ્વરૂપ તારૂં શાસ્ત્રો સમજાવે કળે,
ગુરૂ મુખે શ્રવણુ થાયે પણુ પોતે નવ ખળે—દ્રષ્ટિ૦ ૫
નાથ ગુરૂ શરણુ ગૃહી દ્રવ્ય ખરૂં સઘ રળે,
જાણી શત્રુ વિષય ત્યજતાં પ્રભુમાં જઇ ઝટ મળે—દ્રષ્ટિ ૬

વે૦

विषयोथी वृत्तिने वाळी स्वरुपमां वाळवा सुखेच्छुने बोध.

૧૦.—(બલીહારી રશીયા ગીરધારી સુંદર શ્યામ—એ રાગ.)

સત્ય સ્વરૂપ શીઘ્ર શોધો સાધક વીરરે અપરોક્ષ અનુભવ
કરી મોક્ષપદ પામવાહોજી
અંધકાર અજવાળાને પ્રથક કરનારજી,

તેજ વસ્તુને સત્ય માની કર્મવીરરે.......અપરોક્ષ ૧

તિમિરમાં પ્રતીત થતી કલ્પીત વસ્તુજી,

તજી શીઘ્ર તેને બંધુ રહો એથી દૂરરે.......અ૦ ૨

વિષય ભોગોથી તૃપ્તિ શાંતિ ના મળશેજી,

તૃષાતુર પ્રાણી જયમ ગ્રહે ક્ષાર નિરરે.......અ૦ ૩

મરૂમરિચિકાભણી તૃષાને છીપાવવાજી,

મૃગો મિથ્યા દોડી મરણુ પામે મતિ ધીરરે....અ૦ ૪

અકલ્પિત વસ્તુમાં શાંતિ તૃપ્તિ રાજેજી,

શુદ્ધ છે સુવર્ણ એ નવ જાણો કથીરરે.......અ૦ ૫

વિવેક અભ્યાસ થકી શાંતિપ્રદ પામશોજી,

બાહ્ય વેગ રોકી નવ હારી ધરી ધીરરે.......અ૦ ૬

અગમ્ય પ્રદેશભણી જઇને નિહાળોજી,

શોધો સરળ માર્ગના બતાવનાર વીરરે.......અ૦ ૭

આપ્તકામ, પરમાનંદઘન, અકર્તા, અભોક્તાજી,

શુદ્ધ ચિત્તે નિજરૂપમાં જોડી બની સ્થીરરે....અ૦ ૮

દે૦

स्वरुप शांति अर्पवा इष्टने अभ्यर्थना.

૧૧.–રાગ ધનાશ્રી કવાલી.

તમ વિણુ કોણુ કરે રક્ષણુ મારૂં તમ વિણુ કોણુ કરે–ટેક
આંતરના ષડરિપુઓ જે, આત્મ જ્ઞાન ધનહરે
રક્ષણુ મારૂં—૧
આત્મજ્ઞાન વિણુ આ અંતરમાં, અજ્ઞાન
તિમિર વળે–રક્ષણુ મારૂં–૨
ગાઢ અજ્ઞાન તિમિર થયેથી, આત્મ રૂપ
નજર ન પડે–રક્ષણુ મારૂં—૩
આત્મ સ્વરૂપનું જ્ઞાન થયા વિણુ,
ભવભ્રમણુ નવ ટળે–રક્ષણુ મારૂં—૪
પ્રબળ વિરોધી ષડ્રિપુ સેના, આપ કૃપાથીજ મરે
–રક્ષણુ મારૂં—૫
રિપુદળ સંહરી શાંતિ અર્પો, શાંતિ પદ
તમથી મળે–રક્ષણુ મારૂં—૬

કુ.

ઇંદ્રિય નિગ્રહ રુપ દમ.

૧૨.—રાગ કેરવાની દુમરી.

દમ ઇંદ્રિયનો કરજો પ્રીતે, ગ્રહુવા સુખ
શાંતિને નિત્યે—દમ—ટેક
શ્રવણે શબ્દ વિહિત ગ્રહજો, નહિ નિષિધ કદી
નિકટ ધરજો—દમ૦
ત્વચથી સ્પર્શો ગુરૂ તાત ચરણુ, નહિં સ્ત્રી આદિ
કોઇ તાપકરણુ—દમ૦
સર્વત્ર પ્રભુ દૃગથી નિરખો, નહિં દૃશ્ય કદી
ચિત્તમાંહી લખો—દમ૦
જીભથી શુભ સાત્વિક ભોજ્ય ગ્રહો, નહિં મીન
સમાન સુસ્વાદ વહો—દમ૦
અતિ શુદ્ધ સુવાત નસાથી ચહો, નહિં અત્તર
પૂષ્પ કદીય લહો—દમ૦
ઇંદ્રિય પંચ સુમાર્ગ ધરી, શુભ યત્ન થકી
અભયાદિ સરી—દમ૦
આમ સ્વરૂપ સ્થિતિજ વરી, સુખ શાંતિ લહો
પછી ત્યાંજ ઠરી—દમ૦

ક.

वास्तव सुख प्राप्तिनो उपाय

૧૩.—રાગ સોરઠ કવાલી.

હરિને હેતે સ્મરો સદ્‌ગુરૂ શિશુઓ! સુખ પામવારે—હારે—ટેક
વારંવાર વિષય સેવનથી, શું સુખ સાંધ્યું જુઓ આ મનથી;
હજી ચેતો તો છે અવસર સુખ સાધવારે..........હરિ૦
વિષયોમાં નથી સુખ કદાપિ, બળથી જઇશું દોડો તથાપિ;
સુખ તેની પાસે ક્યાં છે તમને આપવારે..........હરિ૦
સુખતો છે ખરે અંતર માંહી, પણ ભટકો છો મૃગની ન્યાંઇ;
ફરી જોશો ત્યારેજ સુખના દિન આવવારે..........હરિ૦
ચંચળ મનને સ્થિર કરીને બાહ્ય વસ્તુને ભૂલી જઇને;
હરિ ધ્યાનમાં મસ્ત થવું દુઃખ વામવારે..........હરિ૦
કામિ જેમ વિષય સુખ માટે, અર્પે છે નિજ શિર પણ સાટે;
પ્રીતિ રાખવી એવી પ્રભુને ભાળવારે..............હરિ૦
પ્રભુને ભાળી હૃદયે પ્યારા, છોડો વૃથા આ દુઃખના ભારા;
વૃત્તિમાં પ્રિયતમ પ્રભુને એકજ ન્યાળવારે..........હરિ૦

કૃ.

अंतिम अभ्यर्थना.

૧૪.–પહાડી અફગાની ટ્યુન.

સાધકના સુખોને આ, શ્રવો વિભુ સઘ આ કાળે;
અમિત જ્ઞાન વ્યાપ્યું જેનામાં, સત્તા પણ જે પૂરી ધારે;
આનંદ રસમાં ડુબી, જગત્ બધું પોતે વિસ્તારે; ૧
અવતારો ધર્મ ઉદ્ધરવા, દુષ્ટોનું વિદલન કરવા;
વિશ્વક્રમને ગતિ આપી, સજ્જનને સ્થાપી પાથ તારે. ૨
સઘનતમ વ્યાપ્યું અમ ચિત્તે, હરો આચાર્ય થઇ નિત્યે;
મહોદધિ મોહના નાવિક, મૂકો ભવને અન્ય આ આરે. ૩

વે.

॥ ॐ ॥

श्री आनंदाश्रम.

આનંદ કે જે પ્રાણી માત્રને પરમ પ્રાપ્તવ્યરૂપ છે, તેની વાસ્તવ પ્રાપ્તિ તો પરમાત્માની પ્રાપ્તિથીજ થાય છે. તેથી પરમાત્માજ આનંદનું સ્થાન—આનંદાશ્રમ છે.

એ પરમાત્મા રૂપ આનંદાશ્રમમાં પ્રવેશવાનું સાધન અધ્યાત્મ વિદ્યા–બ્રહ્મ વિદ્યા હોવાથી જ્યાં તે વિદ્યાનું અધ્યયન અધ્યાપન થાય તેવાં સ્થળોને પણ આનંદાશ્રમ કહી શકાય. આ વાર્તા લક્ષ્યમાં રાખી બ્રહ્મનિષ્ઠ પૂજ્યપાદ મહાત્મા શ્રીમન્નાથશર્માએ સૌરાષ્ટ્રમાં આવેલા પવિત્ર ગિરનારની તળેટીમાં આવું એક સ્થળ નિયત કર્યું છે. તેઓશ્રીને પોતાના અધ્યાત્મિક નેતા સ્વીકારનાર અનેક સજ્જનો ત્યાં કર્મ માર્ગ, ભક્તિ અને ઉપાસના તથા યોગ વિદ્યાનું અધ્યયન કરી અંતે વેદાંત શાસ્ત્રરૂપ બ્રહ્મવિદ્યાનું શ્રવણ મનન કરે છે.

આ મુખ્ય આશ્રમની શાખાઓ તેઓશ્રીના અનુયાયીઓ પ્રતિથી સ્વપર હિતાર્થે કેટલેક સ્થળે સ્થાપવામાં આવી છે. કરાચીમાં પણ તેની એક શાખા ઉપરોક્ત કાર્ય સ્વશક્ત્યનુસાર કરે છે.

વર્તમાનમાં પ્રતિ રવિવારે પ્રાતઃકાળે ગીતા વાંચન, કીર્તન પૂજન, સોમવારે રાત્રે શંકરાચાર્યના ગ્રંથોનું અવલોકન, ગુરૂવારે રાત્રે વ્યાખ્યાનાદિ કેટલીક સત્ક્રિયાઓ કરવામાં આવે છે. આશ્રમને અંગે એક નાની પુસ્તકશાળા પણ રાખવામાં આવી છે જેમાં તત્ત્વ વિદ્યાના ઉચ્ચ ગ્રંથોનો સામાન્ય સંગ્રહ છે. વાસ્તવ સુખેચ્છુ સજ્જનોને આ કાર્યમાં ભાગ લેવા સપ્રેમ નિમંત્રવામાં આવે છે. આશ્રમ સંબંધે વિશેષ જાણવાની ઇચ્છા હોય તેમણે નિચેના અધિકારીઓને પુછવું.

श्री आनंदाश्रम
જોડીયા બજાર,—કરાચી.

પ્રમુખ—નરશીદાસ દેવકરણ
વ્યવસ્થાપક—ઓધવજી માધવજી

॥ ॐ ॥

श्री आनंदाश्रमना लक्ष्यमांथी कर्तव्य

એક વિશ્વવ્યાપી મહાન્ તત્વ છે કે જેમાં આ દૃશ્ય કલ્પાયેલું છે. આને પરમાત્મા, બ્રહ્મ આદિ ન વ્યવહરવામાં આવે છે.

વ્યક્તિ માત્ર વસ્તુતઃ આ તત્વથી અભિન્નજ છે; અપરોક્ષ અનુભવવું એ પ્રવૃત્તિ માત્રનો હેતુ છે.

સર્વમાં આત્મભાવનો વિસ્તાર, સર્વ ધર્મ અને વિચારશ્રેણી પ્રતિ સહાનુભૂતિ, વાસ્તવ આત્મ વિકાસ અર્થે કર્મ, ભક્તિ કે જ્ઞાનાદિ સાધનોનું પરિસેવન ને છેલ્લે સ્વાર્થનો પરાર્થમાં વિલય એ ઉપરોક્ત તત્વનાં અનુભવ દ્વારા ગણાય છે.

વ્યવહાર તથા પરમાર્થને ભિન્ન ન પાડતાં પ્રાપ્ત વ્યવહારનેજ પરમાર્થરૂપ બનાવી આ જન્મમાંજ સ્વરૂપનિષ્ઠ પ્રાપ્ત કરવા સ્વશક્ત્યનુસાર યત્ન કરવો એ આશ્રમના સભ્યોનું કર્તવ્ય લેખાય છે.